આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


પ્રસન્નતા પતંગિયા જેવી તેનો પીછો કરવાથી તે પકડાતી નથી પણ શાંતિપૂર્વક ધીરજ ધરવાથી તમારા હાથ પર આવીને બેસી જાય છે
- હોથોન




Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૬૦ | ૧૧ મે, ૨૦૧૩, શનિવાર; વૈશાખ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# મેં કોંગ્રેસ છોડી જ નથી : મહેન્દ્રસિંહ રાણા

## વ્હીપ આપવાની અધિકૃતતા સામે પ્રશ્નો ઉભા કરી વ્હીપની વિરૂધ્ધ મતદાન કર્યાના આક્ષેપો નકારતા મેયર

ગાંધીનગર, તા.૧૦ પક્ષાંતર ધારાના કેસનો સામનો



કરી રહેલા ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ આજે સક્ષમ અધિકારી સમક્ષ કરેલા સોંગદનામામાં જણાવ્યું છે કે તેઓ કોંગ્રેસમાં જ છે અને કોંગ્રેસ છોડી નથી.

તેમણે આજે રજુ કરેલા જવાબમાં જણાવ્યું છે કે અમે ભાજપમાં જોડાયા છીએ તેવી કોઈ નિયત નમુનામાં જાણ અમે મ્યુનિ. કમિશનરશ્રીને પણ કરી નથી. તેથી અરજદારો દ્વારા અમે પક્ષાંતર કર્યું છે તે વાત ટકતી નથી.

મેયરશ્રી રાણાએ પક્ષનો વ્હીપ ઈસ્યુ કરવાના અધિકાર સામે પણ પ્રશ્નાર્થ ઉભો કર્યો છે પક્ષે આવા વ્હીપ જારી કરવા માટે તેમને અધિકૃત પણ કર્યા ન હોવાની ચોંકાવનારી હકીકત તેમણે તેમના જવાબમાં જણાવી છે.

તેમણે તેમના જવાબમાં જણાવ્યું છે કે અમે ભાજપમાં જોડાયા છીએ તેવી જાહેરાત કરેલ હોય તેવા દસ્તાવેજી પુરાવાઓ પણ અરજદારોએ રજુ કર્યા નથી.

શ્રી રાણાએ તેમનો જવાબ તેમના વકીલ દ્વારા આજે સક્ષમ અધિકારીની કોર્ટમાં રજુ કર્યો હતો. તેમણે તેમના જવાબમાં જણાવ્યું છે કે ગુજરાત પક્ષાંતર બદલ સ્થાનિક સત્તા મંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઈ કરવા બાબતના નિયમો ૧૯૮૭ના નિયમ ૬ની જોગવાઈઓ પરિપૂર્ણ કરતા નથી. અરજદારો દ્વારા દિવાની કાર્યરીતિ અધિનિયમ ૧૯૦૮ની જોગવાઈ મુજબ અપીલ અરજી તથા દસ્તાવેજી પુરાવાઓ પણ વેરીફાય કરેલ નથી.

મેન્ડેટ ભંગ થયાના આક્ષેપનો ઉત્તર આપતાં મેયરશ્રીએ જણાવ્યું છે કે ચિમનભાઈ વિઝુંડાના આદેશ મુજબ સ્ટેન્ડીંગ કમિટીમાં મંજૂર થયેલ બજેટને મંજૂરી આપવામાં આવી છે અને કમિશનરના બજેટના વિરૂધ્ધમાં મતદાન કરવાનું છે તેવી વિગતો જણાવેલ છે.

પરંતુ સ્ટેન્ડીંગ કમિટીમાં મંજૂર થયેલ બજેટ ઉપર મતદાન કરવામાં આવેલ નથી તેમજ કમિશનર દ્વારા બજેટ રજુ કરવામાં આવેલ નથી જેથી કમિશનરના બજેટ વિરૂધ્ધ મતદાન કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી.

તેમણે જણાવ્યું છે કે સ્ટેન્ડીંગ કમિટીમાં મંજૂર થયેલ બજેટની તરફેણમાં મતદાન કરવાનુંછે અને તેના સિવાય કોઈ પણ જાતની સુધારા, વધારા, કે કમી કરવાની દરખાસ્તની વિરૂધ્ધમાં મતદાન કરવાનું છે તે આદેશને ધ્યાને લેવામાં આવે તો ૧૯-૨-૨૦૧૩ની સામાન્યસભામાં સ્ટેન્ડીંગ કમિટીમાં મંજૂર થયેલ બજેટની તરફેણમાં કોઈ પણ પ્રકારનું મતદાન કરવામાં આવ્યું ન હતું. તેમજ સ્ટેન્ડીંગ કમિટીમાં મંજૂર થયેલ બજેટ સિવાય કોઈ પણ જાતની સુધારા વધારા કે કમી કરવાની દરખાસ્ત રજુ થયેલ નથી.

મેયરશ્રીના રજુ થયેલા જવાબને પગલે કોંગ્રેસના આગેવાનોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે. મેયરે કોંગ્રેસ છોડી નથી તેવા કરેલા એકરારને તેમણે આવકાર્યો છે. જો કે તેમણે ચુકાદા સુધી ધીરજ ધરવાનો આગ્રહ રાખ્યો છે.

# મંગળવારે કોર્પોરેશનની ખાસ સામાન્ય સભા ૧૧ વાગે બોલાવાઈ

## સ્ટેન્ડીંગ કમિટીની ચૂંટણીનું પરિણામ જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકાની ૧૪મીને મંગળવારે ખાસ સામાન્યસભા બોલાવવામાં આવી છે.

મંગળવારે ૧૧ વાગે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાની અધ્યક્ષતામાં આ બેઠક કોર્પોરેશનના સભાખંડમાં મળશે.

સ્ટેન્ડીંગ કમિટીના સભ્યોની ચૂંટણીનું પરિણામ આ બેઠકમાં જાહેર કરવામાં આવશે. સ્ટેન્ડીંગ કમિટીમાં પક્ષાંતર કરી ગયેલા ત્રણ સભ્યોના મત કવરમાં બંધ કરાયા હતા જેની ગણતરી કરવા માટેના રાજ્યની વડી અદાલતના આદેશને પગલે આ બેઠકમાં મતગણતરી કરાશે અને પરિણામની જાહેરાત કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની પ્રથમ જ વાર ખાસ સામાન્ય સભા બોલાવવામાં આવી રહી છે. મંગળવારની આ સામાન્ય સભાને લઈ પાટનગરમાં રાજકીય પ્રવાહો એકદમ ઉત્તેજીત બની વહી રહ્યા છે.

આ ખાસ સામાન્ય સભા બોલાવવા માટે સભ્યોએ માંગણી કરતાં મેયરશ્રી રાણાએ આ બેઠક બોલાવવાનો નિર્ણય કરી તેની વિધિવત્ જાણ પણ કોર્પોરેશનના તંત્ર દ્વારા સભ્યોને કરી દેવામાં આવી છે.

કોર્પોરેશનના તંત્ર દ્વારા એજન્ડામાં ગત બેઠકની કાર્યવાહી મંજૂર રાખવા અને સ્ટેન્ડીંગ કમિટીના પરિણામની ઘોષણા એમ બે જ બાબત દર્શાવવામાં આવી છે.



વાંસની પટ્ટીઓમાંથી સાદડી બનાવી અને પેટિયું રળતા કારીગરો ગાંધીનગરના માર્ગો પર બેસી અને સાદડી બનાવી રહ્યા છે. મહેનત કરતા માણસને તાપ, ટાઢ કે વરસાદ નડતો નથી. ગાંધીનગરમાં શ્રમજીવીઓ એ વાતનું ઉદાહરણ પુરું પાડી રહ્યા છે તેની તસવીર.... (તસવીર : દિપક જાની)

# વિધાનસભાની છેલ્લી ચૂંટણી પછી ગુજરાતમાં ૯,૨૦,૭૨૫ મતદારો વધ્યા

## ગાંધીનગરની પાંચ બેઠકોમાં ૧૮ વર્ષની ઉંમરના ૨૬,૦૦૦ મતદારોનો વધારો

### કયા જિલ્લામાં કેટલા મતદારો

| જિલ્લો | ૨૦૧૨ | ૨૦૧૩ |
|---|---|---|
| ૧ કચ્છ | ૧૨૧૭૭૦૬ | ૧૨૪૧૧૦૨ |
| ૨ બનાસકાંઠા | ૧૯૧૦૬૦૬ | ૧૯૩૬૮૦૩ |
| ૩ પાટણ | ૮૯૦૫૦૯ | ૯૧૦૨૯૨ |
| ૪ મહેસાણા | ૧૩૯૪૭૩૩ | ૧૪૨૫૫૮૧ |
| ૫ સાબરકાંઠા | ૧૫૧૧૧૧૩ | ૧૫૪૩૪૩૨ |
| ૬ ગાંધીનગર | ૯૯૯૩૭૫ | ૧૦૨૬૧૮૦ |

● અનુસંધાન પાન-૭ પર

ગૌતમ પુરોહિત. ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ૨૦૧૨મા પૂર્ણ થઈ ત્યારે રાજયમાં ૩.૮૦ કરોડ મતદારો હતા જેમાં ૨૦૧૩મા વર્ષમાં ફાઈનલ આંકડા -માણે મતદારોની સંખ્યા વધીને ૩.૮૯ કરોડ થઈ છે. ગુજરાતના ૧૮૨ મતવિસ્તારોમાં ૯,૨૦,૭૨૫ મતદારો વધી ગયા છે. આ તમામ મતદારોએ તેમની જીંદગીના ૧૮ વર્ષ પૂર્ણ કર્યા છે અને -થમવાર મતદાન કરશે.

લોકસભાની ચૂંટણી ૨૦૧૪મા યોજાનાર છે ત્યારે આટલી સંખ્યામાં બીજા મતદારો વધે તેવી સંભાવના છે. ગુજરાતમાં યુવા મતદારોની ફોજ ઉભી થઈ છે. ૨૦૧૨ની ચૂંટણીમાં ૨૧ લાખ મતદારોએ -થમ વખત મતદાન કર્યું છે. ભારતના ચૂંટણી પંચના આંકડા -માણે ગુજરાતમાં ૩,૮૯,૯૮,૧૭૯ મતદારો થયા છે.

૨૦૧૩ના આંકડા -માણે વિધાનસભાના તમામ મતવિસ્તારોમાં ૨,૦૪,૩૦,૬૨૫ પુરૂષ અને ૧,૮૫,૬૭,૨૮૧ મહિલા મતદારો છે. ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતક્ષેત્રમાં મતદારોની સંખ્યા ૧૦,૨૬,૧૮૦ થઈ છે જેમાં ૫,૩૧,૫૬૬ પુરુષ અને ૪,૯૪,૬૦૯ મહિલા મતદારો છે.

ગાંધીનગરમાં ૨૬૮૦૫ મતદારો વધ્યા છે. મતદારોને ફોટો ઓળખપત્ર મળ્યાની ટકાવારી ૯૯.૧૬ છે.

### વિધાનસભાની ચૂંટણીમાં નોંધાયેલા મતદારો

| | |
|---|---|
| ૧૯૬૨ | ૯૫,૩૪,૯૭૪ |
| ૧૯૬૭ | ૧,૦૬,૯૪,૯૭૨ |
| ૧૯૭૨ | ૧,૨૫,૦૫,૩૯૨ |
| ૧૯૭૫ | ૧,૩૯,૯૧,૮૮૩ |
| ૧૯૮૦ | ૧,૬૫,૦૧,૩૨૮ |
| ૧૯૮૫ | ૧,૯૨,૯૦,૧૪૧ |
| ૧૯૯૦ | ૨,૪૮,૨૧,૩૭૯ |
| ૧૯૯૫ | ૨,૯૦,૨૨,૦૯૪ |
| ૧૯૯૮ | ૨,૮૭,૭૪,૪૪૩ |
| ૨૦૦૨ | ૩,૩૨,૩૮,૧૯૫ |
| ૨૦૦૭ | ૩,૬૫,૯૩,૦૯૦ |
| ૨૦૧૨ | ૩,૮૦,૭૭,૪૫૪ |
| ૨૦૧૩ | ૩,૮૯,૯૮,૧૭૯ |








**બુકિંગ ઓપન**

**ફ્લેટ / દુકાનો**

ગાંધીનગર સરગાસણ ચોકડી બાજુમાં ૮૦ ફીટ રોડ, એસ.જી. હાઈવે 2BHKના ફ્લેટ અને દુકાનો, સ્વીમીંગ પુલની સુવિધા

મો. : ૯૯૦૯૨ ૮૦૬૩૧

મો. : ૯૭૨૬૦ ૮૮૩૩૩

